info@fuleseeds.com 91065 70738

# ફૂલે માહી (ફૂલે 111) ધાણીની ખેતી પધ્ધતિ

| | |
|---|---|
| **ખાસિયતો** | પાકવાના દિવસો: 115-120, બે માળનું બંધાણ, છોડની ઊંચાઈ: 2.5 થી 3 ફૂટ તેમ જ ઊંચા અને સારા બજારભાવ. |
| **જમીન અને આબોહવા** | ધાણી માટે સારી નિતારશકિત અને પૂરતા પ્રમાણમાં સેન્દ્રિય તત્વ ધરાવતી ગોરાડુ થી મધ્યમકાળી જમીન વધુ માફક આવે છે. ધાણીના પાકને ઠંડી અને સુકી આબોહવા વધુ માફક આવે છે જેથી તેનું વાવેતર શિયાળુ ઋતુમાં થાય છે. |
| **જમીનની તૈયારી** | ચોમાસુ પાક લીધા બાદ જમીનને હળથી એક-બે વાર ખેડી આગળના પાકના જડિયા વીણી, સમાર વડે ઢેફા ભાંગી જમીનને સમતળ બનાવવી જોઈએ. ત્યારબાદ સારૂ કોહવાયેલું છાણિયું ખાતર તેમજ ભલામણ મુજબ રાસાયણિક ખાતર નાખી કરબથી આડી-ઉભી ખેડ કરી જમીનમાં ભેળવી દેવું જોઈએ. જમીનના ઢોળાવ અને પિયતના પ્રકારને ધ્યાનમાં રાખી 5 થી 6 મીટર લાંબા અને 2.5 થી 3.0 મીટર પહોળા કયારા બનાવવા જોઈએ. |
| **બીજદર** | 15-20 કિલો/હેક્ટર |
| **બીજ માવજત** | વાવતાં પહેલાં આખા ધાણીને ધીમા દબાણથી બે ભાગ (ફાડિયા) કરવાથી બીજની જરૂરિયાત ઘટે છે. ધાણીના બિયારણને 8 થી 10 કલાક પાણીમાં પલાળી ત્યારબાદ છાંયામાં સૂકવીને વાવણી કરવાથી ઉગાવો સારો અને ઝડપી થાય છે. જમીનજન્ય અને બીજજન્ય રોગના નિયંત્રણ માટે 1 કિલો બિયારણદીઠ 3 ગ્રામ કેપ્ટાન કે થાયરમનો પટ આપી વાવવા માટે ઉપયોગ કરવો. |
| **વાવેતર સમય** | પિયત ધાણીની વાવણી નવેમ્બરના પ્રથમ કે બીજા અઠવાડિયામાં કરવી વધુ અનુકૂળ છે. જે સમયે દિવસનું મહત્તમ ઉષ્ણાતામાન 30 °C આજુબાજુ હોવું જરૂરી છે. |
| **વાવેતર અંતર** | બે હાર વચ્ચે : 30 સે.મી. (12 ઇંચ) અને બે છોડ વચ્ચે : 10 સે.મી. (4 ઇંચ) |
| **ખાતર વ્યવસ્થાપન** | હેકટરે 10-12 ટન છાણિયું ખાતર જમીન તૈયાર કરી જમીનમાં ભેળવવું જોઈએ. રાસાયણિક ખાતર : 20 કિ.ગ્રા. નાઈટ્રોજન અને 10 કિ.ગ્રા. ફોસ્ફરસ પ્રતિ હેક્ટર<br>જેમાંથી 10 કિ.ગ્રા. (22 કિ.ગ્રા. ડીએપી અને 13 કિ.ગ્રા. યુરિયા) નાઈટ્રોજન અને |

| | |
|---|---|
| | 10 કિગ્રા ફોસ્ફરસ – પાયાના ખાતર તરીકે અને બાકી રહેલ 10 કિ.ગ્રા. નાઈટ્રોજન (22 કિ.ગ્રા. યુરિયા) પૂર્તિ ખાતર તરીકે આપવું. |
| **પિયત વ્યવસ્થાપન** | ધાણીના પાકને સામાન્ય રીતે 5 થી 6 પિયત દર 15 દિવસે આપવા. આમ છતા જમીનની પ્રત પ્રમાણે પિયત ઓછા-વતા કરી સારૂ ઉત્પાદન લઈ શકાય. |
| **નિંદામણ અને આંતર ખેડ** | ધાણીના પાકમાં નિંદામણના કારણે ઉત્પાદનમાં 50-71 % સુધી ઘટાડો થાય છે. નિંદામણના ઉપદ્રવને ધ્યાનમાં રાખીને 2-3 આંતરખેડ અને 2 હાથ નિંદામણની જરૂરિયાત રહે છે. જયાં મજૂરની અછત અને નિંદામણ વધારે હોય ત્યારે વાવણી બાદ તુરત જ નિંદામણનાશક દવાઓ જેવી કે પેન્ડીમીથેલીન 1.0 કિ.ગ્રા. સક્રિય તત્વ પ્રતિ હેકટર પ્રમાણે વાવણી પહેલાં છંટકાવ કરી પિયત આપવું . |
| **ધાણીમાં રોગ નિયત્રંણ** | |
| **1. ભૂકી છારો** | |
| **લક્ષણો** | છોડના નીચેના પાન પર સફેદ છારી જોવા મળે. ઠંડા અને ભેજવાળા વાતાવરણમાં થડ, ડાળી અને પાન પર સફેદ ફુગની વૃધ્ધિ જોવા મળે. પાક દૂરથી સામાન્ય લીલા રંગને બદલે રાખોડીયા રંગનાં જોવા મળે. ઘણી વખત દાણા પર પણ સફેદ છારી જોવા મળે. |
| **નિયત્રંણ** | સંરક્ષણાત્મક પગલા તરીકે પાક 45 દિવસનો થાય કે રોગની શરૂઆત થાય કે તુરત જ દ્રાવ્ય ગંધક 0.2% (30 ગ્રામ/10 લિટર) અથવા હેક્ઝાકોનેઝોલ 5 ઈ.સી. 0.005% (10 મિ.લી./10 લિટર )ના દ્રાવણના 2 થી 3 છંટકાવ કરવા. |
| **કાપણી** | ધાણીના પાકમાં કાપણી સમય ઉત્પાદન અને ગુણવત્તા માટે ખૂબ જ અગત્યનું પરિબળ છે. પાક સામાન્ય રીતે 110 થી 120 દિવસમાં તૈયાર થઈ જાય છે. દેહધાર્મિક પરિપકવતાએ પાકની કાપણી કરવી. ધાણીનો લીલો રંગ અને સુગંધ જળવાઈ રહે તે માટે કાપણી પછી પાકની સૂકવણી છાંયામાં કરવી આવશ્યક છે. જો કાપણી મોડી કરવામાં આવે તો દાણા ખરી પડે, રંગ સફેદ કે ભૂખરો થાય અને ઉડયનશીલ તેલનું પ્રમાણ ઘટે છે. તે જ પ્રમાણે જો વહેલી કાપણી કરવામાં આવે તો અપરિપકવતાને કારણે ધાણીનું વજન અને કદ ઘટે છે. પરંતુ લીલો રંગ જળવાઈ રહેતાં બજાર કિંમત ઉંચી મળે છે. |